# સારાંશ

## ખેડૂતોનું (કૃષિ પેદાશ માટે નિઃશંક લાભદાયી કિંમતનો અધિકાર) વિધેયક , 2017

## કૃષિ ઉપજ લાભકારી મુલ્ય ગેરંટી વિધેયક

*તમામ ખેડૂતોને કૃષિ પેદાશોના વેચાણ પર નિઃશંક લાભદાયી કિંમતની ખાતરી મેળવવા અને તેની સાથે જોડાયેલ અથવા તેને આનુસંગિક બાબતો માટે અધિકાર આપતું વિધેયક .*

**આ વિધેયકમાં ખેડૂતો માટે લાભપ્રદ કિંમતો સુરક્ષિત કરવાની જોગવાઈઓ નીચે પ્રમાણે છે:**

**પ્રકરણ I: વ્યાખ્યાઓ**

1. "કૃષિ"માં બાગાયત, ઔષધીય વનસ્પતિઓ, પાક અને આંતરકાર્ય, ફળો, શાકભાજીની ખેતી કરવી અને ઉગાડવા, દૂધનું ઉત્પાદન, નાના જંગલ પેદાશોનું એકત્રિકરણ, ફૂલો, ઘાસ, ઘાસચારો, ઝાડ અથવા માટીની કોઈપણ પ્રકારની ખેતી, નર્સરીનું આયોજન કરવું, માછલીના મસેલ, મધમાખીઓ, રેશમનાં કીડમ, મરઘા, બતક, ઢોર અથવા ડુક્કર સહિત ખેતી અને જમીનના વપરાશ માટે કૃષિ સંબંધી પ્રવૃત્તિઓ અથવા અન્ય કૃષિ હેતુઓ માટે જમીનના ઉપયોગનો સમાવેશ થાય છે.

2. "ખેડૂત" નો અર્થ છે કે એક વ્યક્તિ જે પાક ઉગાડવાની આર્થિક અને / અથવા આજીવિકા પ્રવૃત્તિમાં સંકળાયેલી છે, અથવા જમીનની માલિકી સાથે અથવા માલિકી વગર અન્ય પ્રાથમિક કૃષિ ચીજવસ્તુઓનું ઉત્પાદન કરે છે, અને તે તમામ કૃષિ સંચાલન ધારકો, ખેડૂતો, કૃષિ મજૂરો, ખેત પેદાશમાં ભાગીદારો, ગણોતિયા, મરઘા અને પશુપાલકો, માછીમારો, મધમાખી પાલકો, પશુપાલકો, બિન-કોર્પોરેટ ખેડૂતો અને રોપણી મજૂરો તેમજ જંગલ સંગ્રાહકો, સામૂહિક માલિકીની અથવા ભાડાપટ્ટે જમીન પર વાવેતર કરતા સ્વાવલંબન જૂથોનો સમાવેશ થાય છે.

3. "કમિશન" એટલે ખેડૂતોના ખર્ચ અને ભાવો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે, તેના આદેશ અને સંદર્ભના નિયમો સાથે ફક્ત કૃષિ ખર્ચ અને કિંમતો માટેનું અને બોર્ડ પર પ્રાદેશિક, ક્ષેત્રીય અને જાતિને લગતાં 11 સભ્યો, ખેડૂત પ્રતિનિધિઓ સાથેના ન્યાયપૂર્ણ પ્રતિનિધિત્વ સાથેનું કમીશન.

4. "રાજ્ય કમિશન" એટલે ભારતના જુદા જુદા રાજ્યોમાં કૃષિ ખર્ચ અને ભાવ માટે સ્થાપિત કરવાનું રાજ્ય કમિશન, જે કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલી સુરક્ષિત લાભપ્રદ કિંમત કરતાં ઊંચો ભાવ જાહેર કરવા માટે મુક્ત છે અને કાયદાની અમલની પણ દેખરેખ રાખે છે.

**પ્રકરણ II: બધા ખેડૂતો માટે બધી કૃષિ-ચીજ વસ્તુઓ માટે નિઃશંક લાભદાયી કિંમતના હક્ક તરીકે.**

1. ખેડૂતોના, કૃષિ-ચીજ વસ્તુઓ માટે નિઃશંક લાભદાયી કિંમતના હક્ક તરીકે.

2. સરકાર, કૃષિ ખર્ચ અને ભાવ માટેના રાજ્ય કમિશન (સીએસીપી) દ્વારા, આ એક્ટ હેઠળ વ્યાખ્યાયિત ખેડૂતો દ્વારા ઉત્પાદિત તમામ કૃષિ ચીજ વસ્તુઓના ઉત્પાદનના અંદાજો માટે ગોઠવણી કરશે; તેમાં

તમામ મોસમી પાક તેમજ વાવેતર પાકો, શાકભાજી અને ફળો, દૂધ, તેમજ ગૌણ વન પેદાશોનો સમાવેશ થાય છે;

3. સરકાર, એવી ચીજ વસ્તુઓ માટે ગોઠવણો કરે કે જે ચીજ વસ્તુઓ માટેના ખર્ચ અંદાજો માટે કોઈ ગોઠવણ અસ્તિત્વમાં નથી, જેને માટે આવી માહિતી સમયસર ધોરણે એકત્રિત કરવાની જરૂર હોય.

4. ખર્ચ અંદાજો તમામ ચૂકવાયેલ ખર્ચ, આરોપિત ખર્ચ, કુશળ વેતન દરોથી કૌટુંબિક મજૂરી અને સંચાલકીય ખર્ચ સાથે, વ્યાપકપણે કરવામાં આવે છે. ખામીઓની સમયાંતરે સમીક્ષા કરવામાં આવે અને સુધારા અમલમાં મૂકવામાં આવે.

5. કૃષિ ખર્ચ અને ભાવ માટેનું રાજ્ય કમિશન (સીએસીપી) તમામ કૃષિ-ચીજ વસ્તુઓ માટે ઉત્પાદનના વ્યાપક ખર્ચના ઓછામાં ઓછા 50% નફાના ગાળા સાથે સુરક્ષિત લાભપ્રદ કિંમત ભલામણ કરે.

6. ચોમાસુ પાક માટે દર વર્ષે માર્ચ 31 સુધી અને શિયાળુ પાક માટે દર વર્ષે 31 મી ઓગસ્ટ સુધી આ પ્રકારની કિંમતો જાહેર કરવી પડશે.

## <u>પ્રકરણ III:</u> <u>કેન્દ્રમાં કૃષિ ખર્ચ અને ભાવ માટેનું રાજ્ય કમિશન (સીએસીપી)</u>

1. અધ્યક્ષ સહિતના અગિયાર સભ્યોને સમાવવા માટે હાલના કમિશનનું વિસ્તરણ કરવામાં આવશે. અધ્યક્ષ એક કૃષિ અર્થશાસ્ત્ર નિષ્ણાત બની શકે છે.

2. નીચે મુજબ સભ્યો રહેશેઃ સભ્ય, કૃષિ વિભાગ, સહકાર અને ખેડૂતોની કલ્યાણ, (એમઓએફએફ) ના કર્મચારી (1); ખેડૂત પ્રતિનિધિઓ (5); અન્ય કૃષિ નિષ્ણાતો (3); સભ્ય સચિવ (1).

3. પ્રાદેશિક, ક્ષેત્રીય અને જાતિ પ્રતિનિધિત્વને સમાવતું ન્યાયપૂર્ણ પ્રતિનિધિત્વ.

4. પારદર્શક કામગીરી અને કોઈ પણ પ્રકારનાં હિતના સંઘર્ષની અવગણના પરની કલમોનો સમાવેશ કરવો.

5. કૃષિ ખર્ચ અને ભાવ માટેનું રાજ્ય કમિશનની (સીએસીપી) સત્તામાં નીચેનો સમાવેશ થશે (જેનો મતલબ છે કે સીએસીપીના પ્રવર્તમાન સંદર્ભ શરતોમાં ભારે ફેરફાર લાવવો):

   - તમામ કૃષિ ચીજ વસ્તુઓ માટે 50% ના લઘુત્તમ નફાના ગાળાના નિશ્ચિત સૂત્ર પર આધારીત નિઃશંક લાભદાયી કિંમતની ભલામણ કરે.
   - અન્ય તમામ એવા પગલાંની ભલામણ કરે કે જે ખેડૂતો માટે લાભદાયક અને સ્થિર ભાવનું વાતાવરણ પૂરું પાડે, જેમાં વેચાણ માળખા અને કાર્યવાહીમાં સુધારાનો સમાવેશ થાય છે;
   - તમામ નિકાસ-આયાત નીતિઓ પર કમીશન સાથે પરામર્શ કરવા માટેની સત્તા, જેથી કમિશન, અધ્યક્ષ સાથે કામ કરતા અંદરના નિષ્ણાતો સાથે તેની ભલામણ કરી શકે અને વાણિજ્ય મંત્રાલયને નિઃશંક લાભદાયી કિંમત પર ન્યૂનતમ પ્રતિકૂળ અસરો સાથે નિર્ણય લેવાની સલાહ આપે.

## <u>પ્રકરણ IV:</u> <u>કૃષિ ભાવ માટેનું રાજ્ય કમિશન</u>

1. **બંધારણમાં, તે કેન્દ્રીય નિઃશંક લાભદાયી કિંમત માટેના કમિશન (CACP) સમાન હશે.**

2. કાર્યો અને સત્તાઓમાં, આ રાજ્ય કમિશન, કેન્દ્રીય નિ:શંક લાભપ્રદ કિંમત (એ.આર.પી.) પર બોનસની ભલામણ કરી શકે છે (ઉત્પાદનની કિંમત અથવા કોઈ ખાસ પાક માટે પૂરી પાડવામાં આવતી કોઈપણ નીતિ પ્રોત્સાહનો પર આધારિત), ભાવની પરિસ્થિતિ પર દેખરેખ રાખી શકે છે, ખાધની ચુકવણી માટે હુકમ કરી શકે છે, (એક ક્ષેત્ર અથવા ચીજ વસ્તુ અભિગમ). જાહેર અધિકારીઓની ફરજો અદા કરવામાં નિષ્ફળતા અંગે તપાસ કરશે અને નિ:શંક લાભપ્રદ કિંમત માટેના કમિશનને (CACP) ભલામણો મોકલશે.

## <u>પ્રકરણ V:</u>　<u>નિ:શંક લાભપ્રદ કિંમતનો અમલ</u>

1. કૃષિ ઉત્પાદન વેચાણ સમિતિ (એપીએમસી) બજારો સહિતના તમામ કૃષિ બજારોમાં, હરાજી અથવા ઓફર ભાવ, જે બાબત હોય તે, દરેક પાક માટે તળિયાની કિંમત તરીકે નિ:શંક લાભપ્રદ કિંમતથી શરૂ થશે અને કોઈ પણ હરાજી તે કિંમતથી નીચે રહેશે નહીં.

2. ખેતી કરારની વ્યવસ્થા હેઠળનો કોઈ ખરીદદાર નિ:શંક લાભપ્રદ કિંમતથી નીચે કોઈ પણ પાકની ખરીદી કરશે નહીં અને સુરક્ષિત લાભપ્રદ કિંમતથી નીચે કોઈ પણ ખરીદનાર કાયદેસરની કાર્યવાહી માટે જવાબદાર રહેશે;

3. સરકાર તમામ ચીજ વસ્તુઓની ખોરાક યોજનાઓ માટે વધુ જથ્થામાં અને વધુ ચીજ વસ્તુઓની ખરીદી માટે, પર્યાપ્ત સંખ્યામાં (સ્થાનિક) પ્રાપ્તિ કેન્દ્ર ખોલવા માટે જવાબદાર છે;

4. સરકાર પર્યાપ્ત નાણાંકીય રૂપરેખાઓ સાથે અસરકારક અને સમયસર બજાર હસ્તક્ષેપ યોજનાઓનો અમલ કરવા માટે જવાબદાર છે;

5. સરકાર ખેડૂતો દ્વારા થતા માનસિક સંતાપથી વેચાણને રોકવા, તમામ પાકોની સંગ્રહ સુવિધાઓમાં ભારે વધારો કરીને અને ખેડૂતોને સંગ્રહિત પાકના મૂલ્યના ઓછામાં ઓછા 75% તાત્કાલિક નાણા મળે તેની ખાતરી કરવા માટે પગલાં લેવા માટે જવાબદાર છે;

6. સરકાર, બધા ખેડૂતોને, ખેડૂત ઉત્પાદક સંગઠનોમાં સંયોજિત કરીને, તૈયાર અને મૂલ્યવર્ધિત ઉત્પાદનો સહિત તેમના વેચાણ સાહસો ચલાવવા માટે પર્યાપ્ત આધાર-માળખું અને નાણાકીય મૂડી સાથે પર્યાપ્ત રોકાણ કરવા માટે જવાબદાર છે;

7. સરકાર નિયમન, સબસિડી અને યોજનાઓ દ્વારા અને ઓછા ખર્ચે ટકાઉ કૃષિને પ્રોત્સાહન આપીને આંતરિક ખર્ચમાં ઘટાડો કરીને ઉત્પાદનની કિંમતને ઘટાડવા માટે જવાબદાર છે;

8. ખરેખરો લાભ વાસ્તવિક ખેડૂતોને જવો જોઈએ.

## <u>પ્રકરણ VI:</u>　<u>ફરિયાદ નિવારણ અને વળતર</u>

1. કોઈપણ ખેડૂત જે કૃષિ ચીજ વસ્તુઓ માટે નિ:શંક લાભપ્રદ કિંમત (એઆરપી) મેળવતો નથી, તે મેળવેલ કિંમત અને નિ:શંક લાભપ્રદ કિંમત વચ્ચેના સંપૂર્ણ તફાવતની ખાધની રકમની ચુકવણી માટે હકદાર છે.

2. જિલ્લા કક્ષાએ આ અધિનિયમનું પાલન કરવા માટે, વ્યક્તિગત ફરિયાદો પ્રાપ્ત કરવા અને ઉકેલવા અને જિલ્લામાં બજારોમાં ચીજ વસ્તુઓના ભાવની દેખરેખ રાખવા માટે, ખેડૂતોનો એક પ્રતિનિધિ અને માર્કેટિંગ અને કૃષિ વિભાગોના એક-એક પ્રતિનિધિ એમ 3-સભ્યની એક સમિતિની સ્થાપના કરવી.

3. સમિતિ એક સરળ સ્પષ્ટ ચકાસણી પ્રક્રિયામાં સમયબદ્ધ મર્યાદામાં વ્યક્તિગત ખેડૂતોના કિસ્સામાં ચુકવવાની ખાધ નક્કી કરશે;

4. એવા કિસ્સામાં કે જ્યાં કોઈ ચોક્કસ ચીજ વસ્તુ માટે સરેરાશ બજાર ભાવ સુરક્ષિત લાભપ્રદ કિંમત નીચે છે, આ સમિતિ ચોક્કસ ચીજ વસ્તુઓ વેચનારા તમામ લાયક ખેડૂતોને ખાધની ચુકવણીની ભલામણ કરશે;

5. જો કોઈ ખેડૂતને ઉપરોક્ત સહાયતા અને વળતર ન મળે, તો ખેડૂત ફરિયાદ નિવારણ માટે રાજ્ય કમિશન પાસે જઈ શકે છે.

## <u>પ્રકરણ VII:</u> <u>ગુનાઓ અને સજાઓ</u>

1. કોઈ વેપારી જે નિ:શંક લાભપ્રદ કિંમતની નીચે ખરીદી કરીને આ અધિનિયમની કલમોનું ઉલ્લંઘન કરતો માલુમ પડે છે, તો તે એક લાખ રૂપિયાના દંડને આધીન રહેશે;

2. **પુનરાવર્તિત ગુનો બે લાખ રૂપિયાના વધુ દંડને આકર્ષશે;**

3. ત્રીજી વખત અપરાધ માટે બે લાખ રૂપિયાનો દંડ આકર્ષશે અને સાથે સાથે વેપારના લાયસન્સની પરવાનગી પાછી ખેંચી લેવામાં આવશે;

4. પૂરતી સંખ્યામાં સમયસર પ્રાપ્તિ કેન્દ્રો ખોલવામાં નિષ્ફળતાના કિસ્સામાં, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના કૃષિ-માર્કેટિંગના સૌથી ઉચ્ચ અધિકારી, અથવા અન્ય કોઈ સરકારી કર્મચારી કૃષિ ખર્ચ અને ભાવ માટેના રાજ્ય કમિશનની તપાસ પ્રમાણે ફરજો નિભાવવામાં નિષ્ફળતા માટે રૂ. 50,000 સુધીના દંડની સજા માટે જવાબદાર રહેશે.

## <u>પ્રકરણ VIII:</u> <u>કેન્દ્રિય અને રાજ્ય સરકારો પરની જવાબદારીઓ</u>

1. કેન્દ્ર સરકારે તમામ ચીજ વસ્તુઓના ખર્ચની વ્યાપક આકારણી માટે અલગ ભંડોળ રાખવું જોઈએ;

2. કમિશનની ભલામણ પ્રાપ્ત થયા પછી બને તેટલું જલ્દીથી, કેન્દ્ર સરકાર તમામ ચીજ વસ્તુઓ માટેના ભાવો જાહેર કરશે; સિવાય કે વ્યક્તિગત રાજ્ય સરકારો કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલા નિ:શંક કિંમત ઉપર બોનસની જાહેરાત કરી શકે છે.

3. પ્રકરણ-IV ની જોગવાઈઓનું અમલીકરણ સુનિશ્ચિત કરવા અને સમયબદ્ધ મર્યાદામાં પ્રકરણ V અને VI હેઠળ જરૂરી પગલાં લેવા માટે દરેક બજારમાં કૃષિ ચીજવસ્તુઓની ખરીદીની કિંમતોની દેખરેખ રાખવી;

4. સરકારે ચાલુ ખાતાની યોજનાઓ માટે જુદી જુદી એજન્સીઓ દ્વારા પ્રાપ્તિ માટે રાખવામાં આવેલા નાણાંકીય રૂપરેખાઓ ઉપરાંત; રૂ. 50,000 કરોડની પ્રારંભિક મૂડી સાથે નિ:શંક લાભપ્રદ કિંમત ભંડોળ સ્થાપવું, આ ફંડનો ઉપયોગ જીલ્લા સ્તરની સમિતિ દ્વારા મંજૂર કરાયેલ ખાધ ચુકવણીનો લાભ સીધો સમિતિના આદેશના એક મહિનાની અંદર તબદીલ કરવામાં આવે;

5. રાજ્ય સરકારો, કેન્દ્ર સરકારની ઘોષણા ઉપરાંત, નિ:શંક લાભપ્રદ કિંમત નક્કી કરવાની જવાબદારીને પહોંચી વળવા માટે પોતાના ફંડની સ્થાપના કરશે.